# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં 2026 ના બીજા સંરક્ષણ શૌર્ય સમારોહમાં શૌર્ય પુરસ્કાર એનાયત કરશે.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આફ્રિકન દેશ સેશેલ્સની મુલાકાતના ત્રીજા દિવસે વિક્ટોરિયાના નવશક્તિ વિનયગર મંદિરમાં દર્શન કર્યાં.
3. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલની ગ્રીસના એથેન્સમાં ઉદ્યોગકારો સાથે પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક.
4. ગુજરાતના વડોદરામાં મધ્ય ગુજરાતની બે દિવસની ‘વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ’ નો પ્રારંભ.
5. જમ્મુ અને કાશ્મીરમાં ત્રીજી જુલાઈથી શરૂ થનારી વાર્ષિક અમરનાથ યાત્રાની તૈયારીઓ પૂર્ણ.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...**

# PREZ - GALLANTRY AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં 2026 ના બીજા સંરક્ષણ શૌર્ય સમારોહમાં શૌર્ય પુરસ્કારો પ્રદાન કરશે. રાષ્ટ્રપતિ આજે સાંજે સંરક્ષણ દળો, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ પોલીસના કર્મચારીઓને અસાધારણ બહાદુરીના કાર્યો માટે શૌર્ય પુરસ્કારો પ્રદાન કરશે.

આ પુરસ્કારો જમ્મુ અને કાશ્મીર, ઉત્તરપૂર્વ અને દેશની સરહદો પર આતંકવાદ, બળવાખોરી અને પ્રતિકૂળ ધમકીઓ સામે ભારતની સતત લડાઈ દર્શાવે  છે, જ્યારે ઉડ્ડયન, દરિયાઈ કામગીરી અને માનવતાવાદી મિશનમાં અસાધારણ હિંમતના કાર્યોને પણ માન્યતા આપે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ અગાઉ 8મી જૂને પ્રથમ તબક્કાના સંરક્ષણ શૌર્ય સમારોહ માં શૌર્ય પુરસ્કારો પ્રદાન કર્યા હતા.

(BYTE: VAISHNAVI)

# PM- SEYCHELLES TEMPLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આફ્રિકન દેશ સેશેલ્સની મુલાકાતના ત્રીજા દિવસે વિક્ટોરિયાના નવશક્તિ વિનયગર મંદિરના દર્શન કર્યા. તેઓ ત્યાં ભારતીય સમુદાયને પણ મળ્યા. શ્રી મોદી પીસ પાર્ક ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે.

ગઈકાલે તેમણે સેશેલ્સની સ્વતંત્રતાના 50 વર્ષ નિમિત્તે યોજાયેલા રાષ્ટ્રીય દિવસના સમારોહમાં હાજરી આપી હતી. શ્રી મોદી આ સન્માન મેળવનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી બન્યા.

તેમને પર્યાવરણીય સંરક્ષણ અને ટકાઉ વિકાસમાં નેતૃત્વ માટે સેશેલ્સનો સર્વોચ્ચ 'ગાર્ડિયન ઓફ ધ બ્લુ હોરાઇઝન' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. શ્રી મોદીએ સેશેલ્સની રાષ્ટ્રીય સભામાં સંબોધન કરતાં ભાર મૂક્યો કે, સેશેલ્સ અને ભારત બંને એવી દુનિયા શોધે છે, જ્યાં વિકાસ વધુ સમાવિષ્ટ હોય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સમકાલીન વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરે.

# KHARGE OATH

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ આજે સંસદ ભવનમાં રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા. ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ સી પી રાધાકૃષ્ણને કર્ણાટકથી ઉપલા ગૃહમાં ફરીથી ચૂંટાયેલા શ્રી ખડગેને શપથ લેવડાવ્યા. આ પ્રસંગે કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડા, કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી હાજર રહ્યા હતા.

# PIYUSH GOYAL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ ગ્રીસના એથેન્સમાં એક ઉચ્ચ સ્તરીય ભારતીય વ્યાપાર પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય વેપાર, રોકાણ અને વ્યૂહાત્મક આર્થિક સહયોગને મજબૂત બનાવવાનો છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું કે, ગ્રીસની મુલાકાત દરમિયાન, પ્રતિનિધિમંડળ ધ એથેન્સ સ્ટાર્ટઅપ બિઝનેસ ઇન્ક્યુબેટર ખાતે પ્રેઝન્ટેશન અને સ્ટાર્ટઅપ પિચમાં ભાગ લેશે. પ્રતિનિધિમંડળ એથેન્સ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે માળખાગત સુવિધાઓ, ડિજિટલાઇઝેશન અને સંરક્ષણ, અને ખાદ્ય અને કૃષિ અંગે  ભારતીય અને ગ્રીક ઉદ્યોગ નેતાઓ સાથે ચર્ચા  કરશે.

# VGRC VADODARA

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે. વડોદરામાં મધ્ય ગુજરાતની બે દિવસની વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ - VGRCનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે કહ્યું, અત્યાર સુધીમાં ત્રણ VGRC માં નવ હજાર 499 સમજૂતી કરાર – MoU દ્વારા ગુજરાતમાં 13 લાખ 30 હજાર કરોડ રૂપિયાનું રોકાણ વિવિધ ઉદ્યોગમાં આવ્યું છે. ગુજરાત આજે ભવિષ્યનું વૈશ્વિક પ્રવેશદ્વાર બન્યું હોવાનું પણ શ્રી પટેલે વધુમાં ઉમેર્યું.

આ પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ દેશ-વિદેશના ઉદ્યોગકારોને ગુજરાતમાં રોકાણ માટે આમંત્રણ આપ્યું. ગુજરાત સરકાર હંમેશા રોકાણકારોને મદદ કરવા તેમની પડખે ઉભી હોવાનું પણ તેમણે આશ્વાસન આપ્યું.

**(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

'પ્રાદેશિક આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્વાકાંક્ષા' ની વિષયવસ્તુ હેઠળ યોજાયોલી આ પરિષદમાં ગૃહ અને શહેરી બાબતોના કેન્દ્રીય મંત્રી મનોહરલાલ ખટ્ટર સહિતના મંત્રીઓ પણ ઉપસ્થિત રહ્યાં. આ પરિષદ દરમિયાન વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો અને નીતિ નિર્ધારકો દ્વારા કુલ 30 થી પણ વધારે સત્રોનું સંચાલન કરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# J&K-AMARNATH YATRA

જમ્મુ અને કાશ્મીરમાં ત્રીજી જુલાઈથી શરૂ થનારી વાર્ષિક અમરનાથ યાત્રાને સુચારુ રીતે પૂર્ણ કરવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, યાત્રાના પ્રારંભ અગાઉ સુરક્ષા વ્યવસ્થા, કાફલાની ગતિવિધિ અને તમામ તૈયારીઓનું મૂલ્યાંકન કરવા માટે આજે સંપૂર્ણ પાયે ડ્રાય ટ્રાયલ રન હાથ ધરવામાં આવ્યો હતો.

# SC PIL-RAM MANDIR

સર્વોચ્ચ અદાલતે આજે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા પ્રાપ્ત દાનમાં કથિત નાણાકીય ગેરરીતિઓની અદાલતના -નિરીક્ષણ હેઠળ તપાસ અને ફોરેન્સિક ઓડિટની માંગ કરતી અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઇનકાર કર્યો.

ન્યાયાધીશ એમ.એમ. સુંદરેશ અને ન્યાયાધીશ શીલ નાગુની બેન્ચે આ તાકીદ પર સવાલ ઉઠાવ્યા હતા અને ઉનાળાના વેકેશન બાદ અદાલત ફરી ખુલ્યા પછી અરજીને સૂચિબદ્ધ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

# STOCKS-1200

પશ્ચિમ એશિયાની ડામાડોળ પરિસ્થિતી વચ્ચે ભારતીય શેરબજારમાં સવારથી વધઘટનો માહોલ સર્જાયો હતો. પ્રારંભિક વધારા બાદ શેરબજારમાં ધીમેધીમે ઘટાડો થયો હતો અને બપોરના સત્ર બાદ ઘટાડાનું વલણ યથાવત રહ્યું હતું. સેન્સેક્સમાં 200 અને નિફ્ટીમાં 45 કરતાં વધું અકોનો કડાકો જોવા મળ્યો હતો.

# DELHI SIR - PHASE III

રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હીમાં મતદારોને ઘરે ઘરે જઈને ચૂંટણી ગણતરી ફોર્મનું વિતરણ આવતીકાલથી શરૂ થશે. દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારી અશોક કુમારે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતાં આ જાહેરાત કરી.

તેમણે કહ્યું કે, બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) આવતીકાલથી આવતા મહિનાની 29મી તારીખ સુધી દરેક ઘરની મુલાકાત લઈને ગણતરી ફોર્મનું વિતરણ કરશે અને પાત્ર મતદારો પાસેથી યોગ્ય રીતે ભરેલી અરજીઓ એકત્રિત કરશે.

# JAGANNATH-SNANA PURNIMA

ઓડિશામાં, આજે સવારથી શ્રી જગન્નાથ મંદિરમાં પવિત્ર દેવ સ્નાનયાત્રામાં સેંકડો ભક્તો ઉમટી પડ્યા હતા. ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાના સ્નાન ઉત્સવની પરંપરાગત ઉજવણીમાં ભાગ લેવા ભક્તજનોનું ઘોડાપુર જગન્નાથપુરીમાં ઉમટી પડ્યું છે.

શોભાયત્રા દરમિયાન વૈદિક મંત્રોચ્ચાર, શંખ અને ભક્તિ સંગીત વચ્ચે મંદિરના પવિત્ર સુવર્ણ કુવામાંથી ખેંચાયેલા 108 ઘડાથી પવિત્ર જળથી સ્નાન કરાવવામાં આવશે. દેવ સ્નાન પૂર્ણિમાના શુભ પ્રસંગે યોજાનારી આ વાર્ષિક ધાર્મિક વિધિ વિશ્વ પ્રસિદ્ધ રથયાત્રાનો એક મહત્વપૂર્ણ પ્રારંભ દર્શાવે છે. ઔપચારિક સ્નાન પછી, દેવતાઓ પખવાડિયાના અનાસરા સમયગાળામાં પ્રવેશ કરશે.

# PAK ATTACK

પાકિસ્તાને કરાચીમાં સિંધ રેન્જર્સના મુખ્યાલય પર હુમલા પછી 28 અને 29 જૂનની મધ્યરાત્રિએ અફઘાન સરહદ પર હવાઈ હુમલા કરીને 25 આતંકવાદીઓને ઠાર મારવાનો દાવો કર્યો છે. માહિતી મંત્રી અતાઉલ્લાહ તરારે તેની પુષ્ટિ કરી છે. પાકિસ્તાની સેનાની મીડિયા અને જનસંપર્ક શાખા ઇન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ (આઇએસપીઆર)ના રાવલપિંડી મુખ્યાલયે જણાવ્યું કે, આ સફળતા ગુપ્તચર આધારિત અભિયાનમાં મળી.

મીડિયા અહેવાલ અનુસાર પાકિસ્તાનના સુરક્ષા દળોએ આ અભિયાનમાં કુલ 29 આતંકવાદીઓને ઠાર માર્યા છે. આ હુમલાઓ તાજેતરમાં પાકિસ્તાનની અંદર ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનમાં નિર્દોષ લોકો અને કરાચીમાં પાકિસ્તાન રેન્જર્સ (સિંધ) મુખ્યાલય વિરુદ્ધ થયેલી આતંકવાદી ઘટનાઓ પછી કરવામાં આવ્યા. તેમણે કહ્યું કે, સુરક્ષા દળોએ 28 જૂને બાજોર જિલ્લામાં ચાર આતંકવાદીઓને ઠાર કર્યા. જેમાં જમાત-ઉલ-અહરારનો કમાન્ડર ખાન ફરોશ ઉર્ફે જબાલ સામેલ છે.